દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શનિવાર ૭ નવેમ્બર, ૨૦૨૬

નવી SIRની પ્રક્રિયાની જાહેરાત સાબિત કર્યું કે જૂની પ્રક્રિયામાં ગરબડો હતી જ

ચૂંટણી એ લોકશાહીનો પાયો છે અને નાગરિકનો મત એ તેનો સૌથી મોટો અધિકાર છે. આ અધિકારને અબાધિત રાખવાની સર્વોચ્ચ જવાબદારી દેશના ચૂંટણી પંચ પર છે. પરંતુ તાજેતરના સમયમાં, ખાસ કરીને દિલ્હી અને મહારાષ્ટ્ર સહિતના સાત રાજ્યોમાં ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા પુનઃ હાથ ધરવાની જાહેરાત કરવામાં આવી છે, તેણે ફરી એકવાર વહીવટી પ્રણાલી અને ચૂંટણી પંચની કાર્યશૈલી સામે ગંભીર સવાલો ખડા કર્યા છે. રાજકીય વિરોધના વંટોળ અને લાખો નાગરિકોના મતાધિકાર છીનવાઈ જવાની ભીતિ વચ્ચે પંચે હવે જે ડગલું પાછું ખેંચ્યું છે અને નવેસરથી પ્રક્રિયા શરૂ કરી છે, તે ક્યાંક ને ક્યાંક અગાઉ થયેલી ગંભીર ક્ષતિઓ અને ઉતાવળિયા નિર્ણયો પર મહોર મારે છે. કોઈપણ લોકશાહી દેશમાં મતદાર યાદીની ચોકસાઈ અનિવાર્ય છે. ડુપ્લિકેટ કે મૃતક મતદારોને યાદીમાંથી દૂર કરવા એ સ્વાગતપૂર્વકનું પગલું હોઈ શકે, પરંતુ આ પ્રક્રિયા એટલી સંવેદનશીલ હોય છે કે તેમાં સહેજ પણ બેદરકારી હજારો-લાખો નાગરિકોને તેમના પવિત્ર મતાધિકારથી વંચિત કરી શકે છે. અગાઉ જ્યારે એસઆઈઆર (SIR) પ્રક્રિયા હાથ ધરવામાં આવી ત્યારે વહીવટી તંત્ર દ્વારા જે ઉતાવળ અને ઉદાસીનતા દાખવવામાં આવી, તેનું પરિણામ એ આવ્યું કે મોટા પ્રમાણમાં સાચા અને પાત્ર મતદારોના નામ કપાવા લાગ્યા. ઘણી જગ્યાએ સર્વે વખતે મતદારો સ્થળ પર ગેરહાજર હોવાનું કારણ ધરીને, તેઓએ સ્થળાંતર કર્યું છે તેમ માનીને કે પછી મૃત જાહેર કરીને ડ્રાફ્ટ યાદીમાંથી તેમના નામ બાકાત કરી દેવામાં આવ્યા. આ પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ સ્પષ્ટ વર્તાતો હતો. જ્યારે નાગરિકોના ગણતરી ફોર્મ સમયસર પરત ન મળ્યા કે યોગ્ય ખરાઈ ન થઈ, ત્યારે તંત્રએ જવાબદારી સ્વીકારવાને બદલે મતદારોને જ શંકાની નજરે જોયા. આ સ્થિતિએ જમીની સ્તરે ભારે રોષ ફેલાવ્યો હતો. ચૂંટણી પંચનું આ પગલું જો અગાઉથી જ વધુ સચોટ અને લોકભિમુખ હોત, તો આજે આ પ્રકારની કટોકટી સર્જાઈ જ ન હોત. જ્યારે લોકશાહીમાં મતદાર યાદી જેવી મૂળભૂત બાબતમાં ખામી સર્જાય, ત્યારે વિરોધ પક્ષોનું સક્રિય થવું સ્વાભાવિક છે. દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા, આંધ્રપ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં જ્યારે SIR ની ડ્રાફ્ટ યાદી બહાર આવી અને તેમાં મોટા પાયે નામો ગાયબ હોવાનું સામે આવ્યું, ત્યારે રાજકીય પક્ષો અને સામાજિક સંસ્થાઓ રસ્તા પર ઉતરી આવ્યા. વિપક્ષોનો આક્ષેપ હતો કે આ કોઈ ટેકનિકલ ભૂલ નથી પરંતુ પૂર્વયોજિત રીતે અમુક વર્ગના મતદારોને બાકાત રાખવાનું ષડયંત્ર છે. સતત વધતા જતા આ રાજકીય વિરોધ, જનઆક્રોશ અને અદાલતી કાર્યવાહીની તલવાર વચ્ચે ચૂંટણી પંચ હવે દબાણ હેઠળ આવી ગયું. પંચ માટે આ સ્થિતિ 'કુવામાંથી ખાડામાં' પડવા સમાન બની રહી હતી. જો પ્રક્રિયા અટકાવવામાં ન આવે તો લોકશાહીની વિશ્વસનીયતા પર કાયમી ડાઘ લાગે તેમ હતો, અને જો પ્રક્રિયા ચાલુ રાખવામાં આવે તો વ્યાપક અશાંતિ ફેલાઈ શકે તેમ હતી. આખરે, વિપક્ષી વિરોધ અને વાસ્તવિકતાના દબાણ હેઠળ પંચે નમેલી પાંખો સ્વીકારવી પડી અને નવેસરથી પ્રક્રિયા હાથ ધરવાની જાહેરાત કરવી પડી. ચૂંટણી પંચના તાજેતરના આદેશ મુજબ, હવે તે સાત રાજ્યોમાં ફરીથી તક આપવામાં આવશે જ્યાં મતદારો અગાઉ ગેરહાજર કે સ્થળાંતરિત દર્શાવાયા હતા. પંચે સ્પષ્ટ કર્યું છે કે જે લોકોના નામ ડ્રાફ્ટ યાદીમાંથી નીકળી ગયા છે, તેઓ હવે નિયત પ્રક્રિયા મુજબ ફોર્મ-૬ ભરીને પોતાનું નામ ફરીથી ઉમેરાવી શકશે. આ નિર્ણયનો સૌથી સકારાત્મક અને આવકારદાયક ભાગ એ છે કે, જે નાગરિકો દસ વર્ષથી વધુ સમયથી મતદાર હોવા છતાં આ પ્રક્રિયામાં બાકાત રહી ગયા હતા, તેમને ફોર્મ-૬ ભરતી વખતે કોઈ ખોટા સોગંદનામા કે ફોજદારી કેસનો સામનો કરવો પડશે નહીં. અગાઉના કડક અને અવિશ્વાસપૂર્ણ નિયમોને કારણે સામાન્ય પ્રજામાં જે ડરનો માહોલ ઊભો થયો હતો, તેને દૂર કરવા માટે આ રાહત અનિવાર્ય હતી. આનાથી એ વાત સાબિત થાય છે કે પંચે પોતાની ભૂલ સ્વીકારીને વ્યાવહારિક અભિગમ અપનાવ્યો છે. નવેસરથી પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવી એક વાત છે, પરંતુ તેનું તળિયે જઈને સાચું અમલીકરણ કરવું એ બીજી વાત છે. ચૂંટણી પંચે વહીવટીતંત્રને કડક મોનિટરિંગ મિકેનિઝમ ગોઠવવાના આદેશ આપ્યા છે, જે અત્યંત આવશ્યક છે. ભૂતકાળમાં જે ક્ષતિઓ રહી ગઈ છે તે ફરીથી ન પુનરાવર્તિત થાય તેની ખાસ તકેદારી રાખવી પડશે. જેમાં બી.એલ.ઓ. (BLO) ની કામગીરી પર કડક નજર રાખવી પડશે જેથી કોઈ પણ સાચો મતદાર ખોટી રીતે ફરીથી બાકાત ન રહી જાય. નાગરિકોને ફોર્મ-૬ ભરવાની પ્રક્રિયા અને તેના સમયગાળા વિશે વ્યાપક માર્ગદર્શન આપવું જોઈએ, કારણ કે અગાઉ અજ્ઞાનતાને કારણે ઘણા લોકોના નામ છૂટી ગયા હતા. ડુપ્લિકેટ કે નકલી મતદારો નાબૂદ થાય તે જરૂરી છે, પરંતુ તેની સાથે એક પણ પાત્ર નાગરિક મતદાનના અધિકારથી વંચિત ન રહે તેની ખાતરી તંત્રે આપવી પડશે. સમગ્ર ઘટનાક્રમ સ્પષ્ટપણે દર્શાવે છે કે ચૂંટણી પંચે શરૂઆતમાં જે ઉતાવળીયા અને અપરિપક્વ નિર્ણયો લીધા, તેણે લોકશાહીની આખી પ્રક્રિયાને વિવાદોના ઘેરાવામાં લાવી દીધી. પંચની આ ભૂલના કારણે લાખો નાગરિકોએ માનસિક ત્રાસ અને ચિંતાનો સામનો કરવો પડ્યો. પરંતુ મોડે મોડે પણ પંચે પોતાની ભૂલ સુધારીને નવેસરથી તક આપી છે, તે લોકશાહીની જીત કહી શકાય. હવે જવાબદારી માત્ર ચૂંટણી પંચની જ નહીં, પરંતુ રાજકીય પક્ષો અને નાગરિકોની પણ છે કે તેઓ સહકારની ભાવનાથી આ પ્રક્રિયાને સફળ બનાવે. કોઈ પણ નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવું એ જ સક્ષમ લોકશાહીનું લક્ષ્ય હોવું જોઈએ. પંચે ભૂતકાળની ભૂલોમાંથી કડક પાઠ શીખીને ભવિષ્યમાં આવા નિર્ણયો લેતી વખતે વધુ સંવેદનશીલ અને પારદર્શક બનવું પડશે.

ગુજરાતનાં રબારીઓ વિશે આપણે કેટલું જાણીએ છીએ? કુ.રોબીન જેટલું તો નહીં જ

ગુજરાત-રાજસ્થાનની ભાતીગળ પ્રજા એટલે રબારી જાતિ. તેના રીતરિવાજો, પહેરવેશ, ભાષા, પરંપરાઓ વિષે એક ઓસ્ટ્રેલિયન યુવતી 'કુ.રોબીન ડેવીડસને' ઐતિહાસિક સંશોધન હાથ ધરીને રબારીઓને વૈશ્વિક ઓળખ આપી.

1978માં કુ.રોબીન રાજસ્થાનનો પુષ્કરનો મેળો જોવા આવી હતી. મેળામાં રંગબેરંગી સાફો અને વસ્ત્રોમાં રબારી ભાઈ-બહેનોને જોયા પછી તેને આ પ્રજામાં રસ પડ્યો. મેળાના સ્થળે હજારો ઊંટો પર બેસીને આવેલાં રબારીઓએ ટેકરીઓ પર પડાવ નાંખ્યો હતો. તાપણું સળગાવીને બેઠેલી એક રબારી મહિલાએ કુ.રોબીનને ચા પીવા બોલાવી. રોબીને ચાની ચૂસ્કી લેતાં લેતાં ઘરેણાંઓથી લદાયેલી રબારી યુવતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. ઘરેણાંઓમાંથી નીપજતો મધુર સ્વર 'રોબીન'ને સ્પર્શી ગયો.

મેળો પતી ગયા પછી, રોબીન ઓસ્ટ્રેલિયા પરત ફરી. તેના કાનમાં ઘરેણાંનો મધુર ધ્વનિ વર્ષો સુધી ગૂંજતો રહ્યો! તે 'નેશનલ જ્યોગ્રાફી' સાથે સંકળાયેલી હતી. પૂરાં બાર વર્ષો સુધી રાહ જોયા બાદ, 'નેશનલ જ્યોગ્રાફી'એ રોબીનને ગુજરાત-રાજસ્થાન જઈ રબારીઓ વિશે સંશોધનાત્મક પ્રોજેક્ટ તૈયાર કરવાની કામગીરી સોંપી.

ફરી એક નવી કામગીરીના ભાગરૂપે તે ભારત આવી. દિલ્હીથી એક સફારી જીપ ખરીદી. સાથે એક ફોટોગ્રાફરને લઈને તે જોધપુર પહોંચી. રાજસ્થાનના જેસલમેરથી શરૂ કરી ગુજરાતના કચ્છ સુધી ભ્રમણ કર્યું.

ચામડીને બાળી નાંખતા અસહ્ય તાપમાં તે આખરે ગુજરાતની સરહદ પર આવી ત્યારે રબારીઓનું એક જૂથ એમનાં પશુઓ સાથે ઘાસચારાની શોધમાં સ્થળાંતર કરી રહ્યું હતું. રોબીને હવે જીપ અને ફોટોગ્રાફર બંનેને છોડી દીધાં અને રબારીના આ પરિવાર સાથે ભળી ગઈ! પગપાળો પ્રવાસ, ક્યારેક ઊંટ પર સવારી તેનો નિત્યક્રમ બની ગયો. રોજ સાત કિલોમીટરનું અંતર કાપવાનું થતું. ભાષાની તકલીફને કારણે તે હાવભાવથી અને ઈશારાઓથી વાતો કરતી. જ્યાં પડાવ નંખાતો ત્યાં એક તંબુ ઊભો કરવામાં આવતો. તંબુની અંદર નીચે જમીન પર એક ચટાઈ પાથરી પરિવારની સ્ત્રીઓ સાથે સૂઈ જતી. પુરુષો મોટે ભાગે બીજા તંબુમાં અથવા તંબુની બહાર સૂતાં. માટીના ઘડાનું ગુંદુ, ગંધાતુ પાણી, સખ્ત ઠંડી અને ઘેટાંઓનાં મળમૂત્રની બદબૂ સોફેસ્ટીકેટેડ રોબીન માટે અસહ્ય હતું! ધીમે ધીમે દૂધમાં સાકળ ભળે એ રીતે તે આ રબારી પરિવાર સાથે ઓતપ્રોત થઈ ગઈ!

આ રબારી પરિવારનાં સૌ સભ્યો ગુજરાતી ભાષામાં વાતો કરતાં. રોબીન બાઘાની જેમ તેમને જોઈ રહેતી! સૂર્યની અસહ્ય ગરમીમાં ગોરી રોબીન લાલઘૂમ થઈ જતી તેથી તેનું નામ 'રાતિબેન' પડ્યું! પરિવારના મુખીની પત્નીનું નામ 'નક્કીબેન' હતું. સવાર-સવારમાં નક્કી કહેતી, ''રાતિબૂન ઊઠો, ચા પી લો.''

રોબીને નોંધ્યું છેઃ આખી રાત તે ઊંઘી શકતી ન હતી! તંબુની નીચે પથરાળ જમીન પર સૂઈ રહેવું કષ્ટદાયક અને દુઃખદાયક હતું! ઘણી વાર રણના ઝેરી વીંછીઓનો ડંખ તેણે સહન કર્યો! એક વાર બિનઝેરી સાપે પણ ડંખ માર્યો! રોજ બાથરૂમમાં શાવર નીચે ન્હાવા ટેવાયેલી રોબીન નોંધે છે, ''મેં પહેલી વાર ડોલમાંથી પાણી લઈ, ખુલ્લામાં ન્હાવાનો પ્રયોગ કર્યો! પાટલૂન પહેરીને જ હું ડોલ-ટબલાંથી નહાવા બેસી જતી! નાનાં છોકરાંઓ એકઠાં થઈ મને કુતૂહલથી જોયા કરતાં! કેટલાંક શરમના માર્યા મોં છુપાવી લેતાં!

સ્થળાંતર કરતાં કરતાં યાતના સહન કરતાં કરતાં, આખરે રોબીન રબારી પરિવાર સાથે કચ્છ-ભૂજ પહોંચી. ફાગુભાઈ, તેની પત્ની નક્કીબેન, તેની ત્રણ દીકરીઓ-જીવી, લચ્છી અને હેતી સાથે રોબીન (રાતિબૂન) આત્મીયતાથી ભળી ગયાં! આખરે 75 દિવસની લાંબી યાત્રા બાદ આ પરિવારે ઠેઠ મોરબીની સુકાઈ ગયેલી મચ્છુ નદીના ઉઘાડા પટ પર તંબુ નાંખ્યો. રોબીન માટે આ તેનો અંતિમ પડાવ હતો. રોબીનનું ઐતહાસિક, વૈશ્વિક સંશોધન પણ હવે અંતિમ તબક્કામાં હતું. તેની રોજ રોજની નોંધ રોજનીશી તો તૈયાર જ હતી. પ્રસંગો, ઘટનાઓ, યાદગાર ક્ષણો તેની નોંધપોથીમાં અને ફોટોગ્રાફીમાં સુરક્ષિત સંગ્રહાયેલી હતી.

સંશોધનમાં તેને અજીબોગરીબ અદ્ભુત અવલોકનો અને નિરીક્ષણો પ્રાપ્ત થયાં તેને આધારે તેણે અંતિમ તારણો તારવ્યાં. જે ટૂંકમાં નીચે પ્રમાણે નોંધ્યાં છે, જે રબારી જાતિની ભાતીગળ પરંપરાને તટસ્થતાથી ઉજાગર કરે છે!

(1) પ્રાચીન સમયમાં રબારીઓનું મૂળ નિવાસસ્થાન, રાજસ્થાનનું જેસલમેર હતું (2) સ્થળાંતર દરમિયાન તેઓ વિવિધ હિંદુ સંસ્કૃતિ સાથે રહી અનેક પેટા જ્ઞાતિઓમાં વિભાજીત થઈ ગયા. પરંતુ રબારી પ્રણાલિકાને સદીઓ સુધી જડબેસલાક જાળવી રાખી. (3) તેઓ મૂળભૂત રીતે ઉત્તર-પશ્ચિમ ભારતના ''સેમીનો મેડીક' જાતિનાં છે. (આ જાતિનાં લક્ષણો રોબીને ઊંડાણપૂર્વક, પુરાવાઓ સાથે વર્ણવ્યાં છે જે અહીં વર્ણવવાં શક્ય નથી.) (4) જમીનની ખેંચ, પશુપાલનની મર્યાદાઓ, જંગલોનો નાશ, હિંસક પ્રાણીઓ અને ડાકુઓનો ત્રાસ, આ બધાં કારણોને લીધે તેઓ ભટકતું જીવન ગાળે છે. ડાકુઓ રબારી સ્ત્રીઓને ઉપાડી ગયાના ઘણા કિસ્સાઓ નોંધાયા છે. (5) બાળ-વિવાહ સામાન્ય બાબત છે. ઢીંગલા-ઢીંગલી જેવડાં બાળકોનાં લગ્ન સામાન્ય છે. નાનકડી વહુ પરણતી વખતે રડે ત્યારે તેની પરિપક્વ મા તેને તેડીને ફેરા ફરે છે! (6) કોઈ એમ માનતું હોય કે રબારી સ્ત્રીઓ યાતના ભોગવે છે તો તે ખોટું છે. રબારી સ્ત્રી પરણેતી વખતે સારાં એવાં ઘરેણાંઓ અને પશુઓની માલિકણ હોય છે. તે ભલે પંચમાં બેસતી નથી પરંતુ ઘરમાં તેના કામનું પુરુષ જેટલું જ મહત્ત્વ છે. રબારી સ્ત્રી જાતે ધંધો કરી શકે છે, બજારમાં જઈ ખરીદી પણ કરી શકે છે અને એમ કરવા જતાં એને સતત પડદા હેઠળ રહેવું પડતું નથી. રબારી સ્ત્રી અને પુરુષ વચ્ચે સત્તાનું સંતુલન બરાબર જળવાયેલું રહે છે. (7) પુરાતન કાળમાં રબારીઓ માત્ર રાજસ્થાનમાં જ વસતાં હતાં. પરંતુ સેંકડો વર્ષો પહેલાં જેસલમેરનો રાજા એક સ્વરૂપવાન રબારી યુવતીના પ્રેમમાં પડી ગયો હતો. એણે રબારી યુવતી સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી પરંતુ યુવતીનાં કુટુંબીજનોએ કહ્યું: ''તમે અમારા રાજા છો, પાલનહાર છો, એ વાત કબૂલ પરંતુ અમારી દીકરી નાત બહાર લગ્ન કરી શકે નહિ.'' આ સાંભળી રાજા નારાજ થયો. રબારી પરિવાર સમજી ગયો કે હવે રાજા આપણા માથે આફત થઈને ત્રાટકશે અને એમ થાય એ પહેલાં જ આપણે સ્થળાંતર કરી દઈએ. એ રીતે વિચારીને રબારીઓ ગોળ કુંડાળામાં બેઠાં. પાણીના ગ્લાસમાં મીઠું નાંખ્યુ અને એ ખારું પાણી તેઓ પી ગયાં. મતલબ એ હતો કે, 'અમે હવે આ ભૂમિનું નમક કદીયે ખાઈશું નહિ'! એવો સંકલ્પ કરીને એમણે જેસલમેરની ભૂમિને રામ રામ કર્યા! પરંતુ ક્રોધિત રાજાના સિપાહીઓ કબીલાની પાછળ પડ્યા! ભયંકર હત્યાકાંડ થયો! રોબીને નોંધેલી દંતકથા તો એવી છે કે રાજાની શરણાગતિ સ્વીકારવાના બદલે સ્વરૂપવાન રબારી યુવતીએ ધરતી માતાને બે હાથ જોડી બચાવી લેવા વિનંતી કરી અને ધરતી માતાએ એક તિરાડ સર્જી પોતાના ઉદરમાં એ યુવતીને સમાવી લીધી!

આ ઘટનાની યાદમાં જેસલમેરથી કચ્છ ગયેલા રબારી કબીલાની સ્ત્રીઓ શોક મનાવવા કાળાં વસ્ત્રો પહેરે છે. એટલું જ નહિ, કચ્છનાં રબારીઓ અને જેસલમેરનાં રબારીઓ વચ્ચે લગ્નો થતાં નથી!

મૂળ ઓસ્ટ્રેલિયન કુ. રોબીન ડેવીડસન અને ભારતના રબારીઓની ''રાતીબેન'' પૂરા 75 દિવસો રબારી પરિવાર વચ્ચે રહી અને રબારી જાતિ પર વિશ્વપ્રસિદ્ધ ઐતિહાસિક સંશોધન કરી તેને વિશ્વના ફલક પર અમર કરી દીધાં! થિસીસના અંતિમ ફકરામાં કુ.રોબીન લખે છે: ''75 દિવસો, મારા સમગ્ર જીવનના અણમોલ દિવસો હતા. હજુયે મને ભણકારા વાગે છે કે કોઈ વહેલી સવારે મને બોલાવે છે, '' રાતીબેન ઊઠો, ચા પી લ્યો!'' પરમાત્મા બીજી વાર પુનઃજન્મ લેવાનું કહે તો હું રબારી સ્ત્રી તરીકે રબારી જાતિમાં જન્મ લેવાનું પસંદ કરીશ!

- વિનોદ પટેલ

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પૂરાં બાર વર્ષો સુધી રાહ જોયા બાદ, 'નેશનલ જ્યોગ્રાફી'એ રોબીનને ગુજરાત-રાજસ્થાન જઈ રબારીઓ વિશે સંશોધનાત્મક પ્રોજેક્ટ તૈયાર કરવાની કામગીરી સોંપી

ડરને હરાવી દો

મીરાં એક નાના શહેરમાં રહેતી હતી. તેને મનમાં જાહેરમાં બોલવાનું, પોતાના વિચારો બધાને જણાવવાનું ખૂબ મન થતું, પરંતુ જેવી લોકો સામે ઊભી થાય એટલે અવાજ ઘૂજતો. શાળામાં એક વાર ભાષણ દરમિયાન તે શબ્દો ભૂલી ગઈ હતી. ત્યારથી તેના મનમાં મંચનો ડર લાગતો. થોડાં વર્ષો સુધી આ ડરને કારણે મીરાં મંચ પર જવાથી અને જાહેરમાં કંઈ બોલવાથી દૂર ભાગતી અને મિત્રો વચ્ચે અને પરિવારમાં પણ બહુ ઓછું બોલતી, ચૂપ જ રહેતી પણ પછી તેણે નક્કી કર્યું કે હવે આ ડરને જીતીને જ રહેશે. તેણે મંચ પર જઈને કે મોટા કાર્યક્રમમાં બોલવાને બદલે ઘરેથી શરૂઆત કરી. તેણે દરરોજ અરીસા સામે બે મિનિટ બોલવાનું શરૂ કર્યું. પ્રથમ અઠવાડિયે તે અટકતી, ભૂલ કરતી અને પોતે જ હસી પડતી. બીજા અઠવાડિયે તેણે મોબાઇલમાં પોતાનો અવાજ રેકોર્ડ કર્યો. તેને પોતાની ઘણી ખામીઓ દેખાઈ, પણ હવે તે ખામીઓ સુધારવા માટે તૈયાર હતી.

એક મહિના પછી તેણે પરિવાર સામે પાંચ મિનિટ વાત કરી. બે મહિના પછી મિત્રોના નાનકડા સમૂહમાં બોલી. ત્યારબાદ સ્થાનિક પુસ્તકાલયમાં યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લીધો.મંચ પર ઊભી રહી ત્યારે ફરી તેનો અવાજ ધ્રૂજ્યો. તેણે પાણી પીધું, ઊંડો શ્વાસ લીધો અને પ્રથમ વાક્ય બોલ્યું.ભાષણ ભલે સંપૂર્ણ નહોતું. એક જગ્યાએ તે અટકી પણ ગઈ. પરંતુ આ વખતે તેણે માઇક મૂક્યું નહીં. તેણે અટકીને ફરી શરૂઆત કરી અને વાત પૂરી કરી.



કાર્યક્રમ પછી તેના દાદાએ કહ્યું, ''તારા શબ્દો કરતાં આજે તારી હિંમત વધુ યાદ રહેશે.''

મીરાં ઘરે આવી ત્યારે તેને લાગ્યું કે તેણે કોઈ મહાન વિજય મેળવ્યો છે. છતાં તેણે પ્રેક્ટીસ ન છોડી પણ વધારી, હવે તે અરીસા સામે રોજ કલાકો બોલવાનો અભ્યાસ કરતી.

મહિનાઓ વીત્યા. હવે તે સારી વક્તા બની અને તેણે વક્તા તરીકે નામના પણ મેળવી અને અનેક બાળકોને તે જાહેરમાં કેમ બોલવું તે શીખવવા લાગી.

એક દિવસ તેની પાસે શીખવા આવેલી નાની છોકરીએ પૂછ્યું, ''ટીચર મને જાહેરમાં સ્ટેજ પર જતાં જ ડર લાગે છે એટલે હું બધું ભૂલી જાઉ છું. શું તમને ક્યારેય ડર લાગતો નથી?''

મીરાંએ જવાબ આપ્યો, ''અરે, મને પણ બહુ ડર લાગે છે. પરંતુ હું ડરને મારી તૈયારીનો ભાગ માનું છું, ડરને લીધે અટકતી નથી પણ ડરને હરાવવા વધુ મહેનત કરું છું. તું પણ કરજે. આપણે સાથે ડરને હરાવી દઈશું.''

જીવનમાં ડર ઘણી વાતનો લાગે છે પણ આ ડરને હરાવવાનો સંકલ્પ લેવો જરૂરી છે. કોઇ પણ વાતનો ડર હોય, મનમાં હિંમતનો અભાવ હોય ત્યારે પણ શરૂઆત કરવી; નાના નાના, શક્ય અને સતત પગલાં દ્વારા પોતાની મર્યાદાઓને પડકારવી. ઘણી વાર આ શરૂઆત પછી જ હિંમત વિકસે છે અને ડર દૂર થઈ જાય છે.

અખિલેશ યાદવે ચૂંટણી લડવાની ના કેમ પાડી?

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશની ચૂંટણી આવતા વર્ષના પ્રારંભમાં થવાની છે. યોગી આદિત્યનાથ ત્રીજી ટર્મ ચૂંટાશે કે કેમ એની ચર્ચા વચ્ચે સપાના સુપ્રીમો અખિલેશ યાદવની જાહેરાતે બધાને ચોંકાવી દીધા છે. અખિલેશે જાહેરાત કરી છે કે તેઓ ધારાસભાની ચૂંટણી નહીં લડે, સીધા સીએમ પદે શપથ લેશે. આવી જાહેરાત પાછળ શું રાજકીય ચાલ છે? અખિલેશ માને છે કે પોતે કોઈ ચોક્કસ બેઠક પરથી ચૂંટણી લડવામાં વ્યસ્ત થઈ જશે તો સમગ્ર રાજ્યમાં સમાજવાદી પાર્ટી અને તેના ગઠબંધનના પ્રચાર પર પૂરતું ધ્યાન આપી શકશે નહીં. તેઓ આખા રાજ્યમાં ફરીને પક્ષ માટે પ્રચાર કરવા માગે છે. અગાઉ પણ તેઓ આવી જાહેરાત કરી ચૂક્યા છે. એ સમયે અખિલેશ આઝમગઢ બેઠક પરથી લોકસભાના સાંસદ હતા. જોકે, બાદમાં પક્ષના કાર્યકરો અને નેતાઓના દબાણ તથા રાજકીય વ્યૂહરચનાના ભાગરૂપે તેમણે નિર્ણય બદલ્યો હતો અને મૈનપુરી જિલ્લાની કરહલ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડીને વિજયી બન્યા હતા.એ વખતે અખિલેશે શરૂઆતમાં ચૂંટણી લડવાની ના પાડી ત્યારે ભાજપે તેમના પર 'ચૂંટણીથી ભાગી રહ્યા છે' અને 'હારના ડરથી લડતા નથી' એવા આક્ષેપો કર્યા હતા, આ રાજકીય દબાણને કારણે તેમણે પાછળથી ચૂંટણી લડવાનો નિર્ણય જાહેર કરવો પડ્યો હતો.

ચૂંટણીની જાહેરાત થવાને હજુ વાર છે. એ પછી અખિલેશ આ વખતે પણ પોતાનો નિર્ણય બદલી શકે છે. ભારતીય રાજકારણમાં મોટા નેતાઓ દ્વારા સીધી વિધાનસભા ચૂંટણી લડવાનું ટાળવું નવી વાત નથી.

ઉત્તર પ્રદેશમાં ૨૦૧૭માં ભાજપની જીત પછી યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ કોઈ વિધાનસભા કે વિધાન પરિષદના સભ્ય ન હતા. તેઓ લોકસભાના સાંસદ હતા. બાદમાં તેમણે વિધાન પરિષદના સભ્ય બનવાનું પસંદ કર્યું હતું. જોકે, ૨૦૨૨માં તેઓ પહેલી વાર ગોરખપુરથી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. નરેન્દ્ર મોદીનો કિસ્સો પણ જાણીતો છે. ૨૦૦૧માં પહેલી વાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ ધારાસભ્ય ન હતા. તેમણે રાજકોટ પશ્ચિમ બેઠક પરથી પેટાચૂંટણી લડીને વિધાનસભામાં પ્રવેશ કર્યો હતો. વજુભાઈ વાળાએ તેમના માટે બેઠક ખાલી કરી હતી.

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

મહારાષ્ટ્ર, બિહાર અને કર્ણાટક જેવાં રાજ્યોમાં પણ મુખ્યમંત્રી કે મંત્રી બન્યા પછી નેતાઓ વિધાન પરિષદ અથવા રાજ્યસભાના માર્ગે સદસ્ય બનવાનું પસંદ કરતા હોય છે, જેથી તેઓ કોઈ એક બેઠક પર ફસાઈ ન જાય

દેશના વડા પ્રધાન રહી ચૂકેલા ડૉ. મનમોહનસિંહ ક્યારેય લોકસભાની સીધી ચૂંટણી જીત્યા ન હતા. તેઓ હંમેશાં રાજ્યસભાના માર્ગે જ સંસદમાં ગયા હતા. મહારાષ્ટ્ર, બિહાર અને કર્ણાટક જેવાં રાજ્યોમાં પણ મુખ્યમંત્રી કે મંત્રી બન્યા પછી નેતાઓ વિધાન પરિષદ અથવા રાજ્યસભાના માર્ગે સદસ્ય બનવાનું પસંદ કરતા હોય છે, જેથી તેઓ કોઈ એક બેઠક પર ફસાઈ ન જાય. હવે જોવાનું એ છે કે અખિલેશ પોતાની જાહેરાત પર કાયમ રહે છે કે અગાઉની જેમ ચૂંટણી લડે છે.

જમ્મુ-કાશ્મીરમાં અબ્દુલ્લા સરકાર જશે?

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીને વાર છે, પરંતુ વર્તમાન ઓમર અબ્દુલ્લા સરકાર પર સંકટ તોળાવા લાગ્યું છે. નેશનલ કોન્ફરન્સના ૨૪ જેટલા ધારાસભ્યોએ અસંતોષ જાહેર કર્યો છે અને એક સભ્યે રાજીનામું આપ્યું છે. આ ઘટનાક્રમ પર ભાજપની નજર છે. અંદરખાને આ સભ્યો ભાજપના સંપર્કમાં હોવાનું પણ કહેવાય છે. તો શું અબ્દુલ્લા સરકાર તૂટી શકે છે? ઓક્ટોબરના અંતમાં અબ્દુલ્લા મંત્રીમંડળના વિસ્તરણ બાદ પાર્ટીના નેતૃત્વથી નારાજ ૨૪થી ૨૫ જેટલા ધારાસભ્યોએ બળવાખોર વલણ અપનાવ્યું છે. તેમણે પોતાની માગણીઓ પૂરી કરવા માટે ૧૪ દિવસનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. બળવાખોર ધારાસભ્યોની મુખ્ય માગ છે કે હાલના તમામ મંત્રીઓનાં ખાતાં પાછાં ખેંચીને નવેસરથી મંત્રીમંડળ રચવામાં આવે અને મુખ્યમંત્રીના સલાહકારોનો વધતો પ્રભાવ ઘટાડવામાં આવે. આ દરમિયાન શ્રીનગરના વરિષ્ઠ સાંસદ આગા સૈયદ રૂહતુલ્લાહ મેહદીએ પક્ષના સિદ્ધાંતો અને વલણથી નારાજ થઈને લોકસભામાંથી રાજીનામું આપવાની અને પક્ષ છોડવાની જાહેરાત કરી છે. આ પાર્ટી માટે મોટો આંચકો ગણાય છે. જોકે, બળવાખોર ધારાસભ્યોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ સરકાર કે પાર્ટીને તોડવા માગતા નથી, પરંતુ તેમની માગણીઓ સાંભળવામાં આવે. બળવાખોરોનો આરોપ છે કે સરકારમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સાંભળવામાં આવતું નથી અને ઓમર અબ્દુલ્લાના અંગત સલાહકારો તથા કેટલાક વરિષ્ઠ નેતાઓ પાસે તમામ સત્તા કેન્દ્રિત થઈ ગઈ છે. બીજી તરફ, આગા સૈયદ રૂહતુલ્લાહ મેહદીની નારાજગીનું મુખ્ય કારણ કલમ ૩૭૦ની પુનઃસ્થાપના અને કેદીઓની મુક્તિ જેવાં ચૂંટણીલક્ષી વચનો પૂરાં કરવામાં સરકારની નિષ્ફળતા છે. બીજી બાજુ, આ સ્થિતિ પર ભાજપનો ડોળો છે. ભાજપ નેશનલ કોન્ફરન્સના નારાજ ધારાસભ્યોના સંપર્કમાં હોવાનું કહેવાય છે. વિપક્ષના નેતા સુનીલ શર્મા પણ સતત નિવેદનો આપી રહ્યા છે કે 'ઓમર અબ્દુલ્લા સરકાર ટૂંક સમયમાં તૂટી પડશે.' ભાજપ આ આંતરિક બળવાનો લાભ લઈને નેશનલ કોન્ફરન્સને 'તૂટેલો પક્ષ' અને વહીવટ ચલાવવામાં અસમર્થ સાબિત કરવાનો પ્રયાસ કરી રહી છે. મંત્રીમંડળના ફેરબદલ પછી નવમાંથી સાત મંત્રીઓ કાશ્મીર ઘાટીના બનતાં અને જમ્મુના અપક્ષ ધારાસભ્ય સતીશ શર્માને કેબિનેટમાંથી હટાવાતાં ભાજપે આ મુદ્દાને 'જમ્મુના લોકો સાથે અન્યાય' ગણાવીને ઉઠાવ્યો છે. આનાથી જમ્મુ ક્ષેત્રના એનસી ધારાસભ્યો પર પણ રાજકીય દબાણ વધ્યું છે. વળી, કેન્દ્રશાસિત પ્રદેશ હોવાને કારણે ઉપરાજ્યપાલ પાસે સુરક્ષા અને મહત્ત્વની સત્તાઓ છે. જો એનસીની અંદર બળવો મોટો થાય અથવા સરકાર બહુમતી ગુમાવે તો ભાજપ આ સ્થિતિનો ઉપયોગ સરકારને અસ્થિર કરવા માટે ક